ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ગોકુલપુરામાં ૬૦ લાખના ખર્ચે ગટરલાઈનનું કામ હાથ ધરાશે

## ૧૪૮ મકાનોને સુવિધાનો લાભ મળશે

## આંતરિક રસ્તા બનાવવાનું પણ આયોજન

ગાંધીનગર, તા.૧

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગોકલપુરા ગામમાં રૂ. ૬૦ લાખના ખર્ચે ગટરલાઈનનું કામ હાથ ધરાશે. આ વિસ્તારના ૧૪૮ મકાનોને ગટર વ્યવસ્થા પૂરી પાડવા ટૂંકમાં કામ શરુ કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જો કે ટોપોગ્રાફીને લઈને આ કામગીરી તંત્ર માટે થોડી મુશ્કેલ બની છે. શહેરના ગોકુલપુરા વિસ્તારમાં પણ ગટર વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાથી સ્થાનિક રહીશો દ્વારા ગટર સુવિધાનું કામ હાથ ધરવા પ્રબળ માંગ કરવામાં આવી હતી. જેને અનુલક્ષી પાટનગર યોજનાના તંત્ર દ્વારા વિભાગ સામે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આખરે ગટરલાઈનની કામગીરીને અનુલક્ષી વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા ટૂકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોના જણાવ્યા અનસાર ગામમાં ગટર વ્યવસ્થાને અનુલક્ષી રૂ. ૬૦ લાખનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે આ કામગીરીના અંતે આ વિસ્તારના ૧૪૮ મકાનોને ગટર સુવિધાનો લાભ મળશે. ગટર વ્યવસ્થાનું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાતા ગ્રામજનોની લાંબા સમયની માંગણી સંતોષાશે. વધુમાં ગટર લાઈનની સાથે આ વિસ્તારમાં આંતરિક રસ્તાઓનું પણ કામ પૂર્ણ કરાશે. આંતરિક રસ્તાઓ બનાવવાનું આયોજન પણ આખરી કરી દેવાયું છે. આખરે ગોકુલપુરામાં રસ્તા-ગટરની સુવિધા ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે.

# શહેરમાંથી ડેન્ગ્યુના બે કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના વધુ ૨ કેસ આજે મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એલએન્ડટીની વસાહતમાંથી એક ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. જયારે અન્ય એક કેસ સી.આર.પી.એફ. કેમ્પસમાંથી મળી આવ્યો છે.

આ બન્ને કેસ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે. આ બન્ને કેસની જાણ આરોગ્યતંત્રને થતાં તંત્રએ આ દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ તથા એન્ટીલારવેલની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં હાલ ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નોંધાઈ રહ્યા છે. જો કે ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૨૦ના આંકને પણ પાર કરી ગઈ છે. ગાંધીનગર શહેરમાં હાલ મચ્છરોની ઉત્પત્તિ વધુ જોવા મળી રહી છે. મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે તંત્રએ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે.

# પાણી-ગટર વેરાની પાંચ લાખની વસુલાત

## જૂના સેક્ટરોમાં વેરા વસુલાત ક્ષેત્રે ૪૫ લાખનું માગણું : નોટીસની કાર્યવાહી બાદ વસુલાતની કાર્યવાહી ગતિમાં

ગાંધીનગર, તા. ૧

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે બાકીદારોને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાયા બાદ તંત્ર દ્વારા સપ્તાહના અંતે રૂ. ૫ લાખની વસુલાત કરવામાં આવી છે. આગામી દિવસોમાં વેરા વસુલાત માટે તંત્રના માણસો બાકીદારો પાસે રૂબરૂ પહોંચી વેરો ભરપાઈ કરવા માટે આખરી નોટીસ આપશે.

શહેરમાં પાણી-ગટર વેરા વસુલાતના મામલે નબળી સ્થિતિ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલી વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ જૂના સેક્ટરોમાં જ અડધા કરોડની વસુલાત બાકી હોવાનું ધ્યાને આવ્યું છે. પાણી-ગટર વેરો ભરપાઈ કરવામાં બેદરકાર નિવડેલા જોડાણકર્તાઓને તંત્ર દ્વારા નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જૂના સેક્ટરોને અનુલક્ષી પાણી વિભાગે બે હજાર બાકીદારોની યાદી તૈયાર કરી અત્યાર સુધીમાં એક હજારને નોટીસ

પણ આપી દેવાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વેરા વસુલાત ક્ષેત્રે અંદાજિત રૂ. ૫૦ લાખનું માંગણું બાકી છે. જયારે નોટીસની કાર્યવાહીના અંતે છેલ્લા એક સપ્તાહમાં બાકીદારો પાસેથી રૂ. ૫ લાખની વસુલાત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વેરો નહીં ભરનારા બાકીદારો પાસે તંત્રના માણસો રૂબરૂ જશે. આ દરમિયાન બાકીદારોને આખરી નોટીસ આપવામાં આવશે જયારે ત્યારબાદ પણ વેરાની રકમ નહીં ચૂકવનાર બાકીદારોનું જોડાણ રદ કરાશે.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com